## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

ના હજુ હું મોદીજીનાં સ્વચ્છતા અભિયાનને આવકારું છું... પણ વાંધો મારે સફાઈ કરવી પડે ત્યારે જ છે...!!

# સ્કુલ વાહનો પર ટ્રાફિક શાખાની તવાઈ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરની સેકટર-૨૨ અને ૨૩ ગુરુકુળ તેમજ કડી સ્કુલ ખાતે ગુરુવારના રોજ વહેલી સવારે ટ્રાફિક શાખાની ટીમ ત્રાટકી હતી. સ્કુલ વાહનોને જે સરકારી નિયમોનું પાલન કરવાનું હોય છે, તે નિયમોનું પાલન ન કરતા હોય તેવા સ્કુલ વાહનો પર તવાઈ આવી હતી. ટ્રાફિક પીઆઈએ અચાનક હલ્લાબોલ કરતા ૮ વાહનો ડીટેઈન કર્યા હતા અને રૂ.૧૮ હજારનો દંડ વસુલ્યો હતો. પરિક્ષાના ટાઈમે અચાનક ટ્રાફિક શાખાની ડ્રાઈવને પગલે સ્કુલ વાહન ચાલકો, વાલીઓ અને વિદ્યાર્થીઓમાં ફફડાટ ફેલાઈ ગયો હતો.

ગાંધીનગર શહેરમાં ટ્રાફિક પોલીસ દ્વારા ખાસ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સવારના સમયે જ સેકટર-૨૨ અને ૨૩ ગુરુકુળ તેમજ કડી સ્કુલ પાસે ટ્રાફિક પોલીસ આવી પહોંચી હતી. પોતાના વાહનમાં ક્ષમતા કરતા વધુ વિદ્યાર્થીઓ બેસાડ્યા હોય, ટેક્ષી પાર્કિંગ ન હોય સહિતના નિયમોનું પાલન ન કરીને નિયમોનું ઉલ્લંઘન કરતા હોય તેવા સ્કુલ વાહન ચાલકો સામે ટ્રાફિક શાખાએ લાલ આંખ કરતા હાહાકાર મચી ગયો છે. ત્યારે આ ડ્રાઈવમાં સ્કુલ વાહન ચાલકો સાથે-સાથે વિદ્યાર્થીઓ-વાલીઓ પણ ઝપટે ચડી ગયા હતા. જયારે ગુરુવારના રોજ દિવસ દરમિયાન ટ્રાફિક પોલીસથી બચવા માટે સ્કુલવાન ચાલકોએ સેકટરના આંતરીક માર્ગો તેમજ શાળાએ ચકાસણી કર્યા પછી જ વિદ્યાર્થીઓને શાળા સુધી ઉતારવા માટે ગયા હતા. ત્યારે ટ્રાફિક શાખાની ખાસ ડ્રાઈવને પગલે ૮ સ્કુલ વાહનો ડીટેઈન કર્યા હતા અને ૧૮ હજારના દંડની વસુલાત કરી હતી.જયારે આગામી સમયમાં પણ આ પ્રકારની ખાસ ડ્રાઈવ શરુ રહે તેમ લાગી રહ્યું છે.

તાજેતરમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિની દેશભરમાં ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત કલા મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. કલા મહોત્સવ અંતર્ગત યોજાયેલી નિબંધ સ્પર્ધામાં લીંબોદરા હાઈસ્કૂલની વિદ્યાર્થીની સપના રાજેન્દ્રસિંહ વાઘેલાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરતા વિજેતા સ્પર્ધકોમાં સામેલ કરાઈ હતી જેને પગલે શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

# દિવાળીના પગલે બજારોમાં ડિસ્કાઉન્ટ વળતરના પાટિયાં ઝુલવાં લાગ્યાં

ગાંધીનગર, તા. ૧૭

શહેરમાં દિવાળીના શુભ પર્વનું ધીમા પગલે આગમન થઈ રહ્યું છે. શહેરના બજારોમાં વેપારીઓએ દિવાળીની તૈયારીઓ આરંભી દીધી છે અને પોતાની દુકાનો શૉ રૂમ વગેરેને સજાવવા સાથે ગ્રાહકોને આકર્ષવા વિવિધ ડિસ્કાઉન્ટ અને વળતરની સ્કીમો લોન્ચ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત અત્યારે વધી ગયેલા ઓનલાઈન શોપીંગના ચલણમાં પણ ડિસ્કાઉન્ટ ઓફરની સ્પર્ધા જામી છે જેની ટીવી-રેડિયો પર સતત કરવામાં આવતી જાહેરાતોને પગલે શહેરમાં દિવાળીનો માહોલ સર્જાઈ રહ્યો છે.

દિવાળી એટલે દિપોત્સવના પર્વ સાથે ખુશીઓ, આનંદ અને ઉલ્લાસનું પર્વ છે. દિવાળી નવીનતાને પામવાનું પર્વ છે. આ પર્વમાં દરેક પરિવાર ઘરમાં નવી ચીજવસ્તુઓ, કપડાં-લત્તા, વાહન, ઘરેણાં વગેરેની ખરીદી કરતા હોય છે. જેને કારણે આ તહેવારમાં બજારમાં તેજી જોવા મળતી હોય છે. દિવાળીના તહેવારમાં વધતી ખરીદ પ્રવૃત્તિને પગલે વધુને વધુ ઘરાકી અંકે કરી લેવા વેપારીઓમાં હોડ જામે છે. જેના કારણે સ્પર્ધાનો માહોલ સર્જાય છે જેનો સીધો લાભ ગ્રાહકોને વિવિધ વળતર, ડિસ્કાઉન્ટ કે ઓફર જેવી સ્કીમો થકી મળી રહે છે. ગ્રાહકોને આકર્ષવા અત્યારે ગાંધીનગરના બજારોમાં ''દિવાળી ધમાકા ઓફર'' ડિસ્કાઉન્ટ વળતર, ''એક પર એક ફ્રી'' કે ''બે પર એક ફ્રી'' જેવા પાટિયાં ઝુસલવા લાગ્યાં છે.

શહેરના સેકટર-૨૧થી માંડીને સે. ૧૬, સે. ૭, સે. ૧૧, ઈન્ફોસીટી કે અન્ય કોમર્શિયલ બજારોમાં વેપારીઓએ પોતાની દુકાનો, શૉ રૂમ વગેરેને ઝગમગ રોશનીથી શણગારવા સાથે ડિસ્કાઉન્ટ વળતર અથવા ફ્રી સ્કીમો પ્રસ્તુત કરવાનું શરૂ કરી દીધુ છે. શહેરમાં કપડાં, મોબાઈલ, ફર્નિચર, કિચનવેર, સ્વીટ્સ, ઈલેક્ટ્રોનિક્સ, વ્હિકલ કે અન્ય તમામ વેપાર-ધંધામાં આ પ્રકારની ઓફરોની બોલબાલા જોવા મળી રહી છે. હવે ગ્રાહકો તેને કેટલો પ્રતિસાદ આપે છે તે જોવું રહ્યું.

### ઓનલાઈન ખરીદીમાં વધતા ફ્રોડથી ગ્રાહકો ફરી દુકાનો-શો રૂમમાં આવવા લાગ્યાં

છેલ્લા કેટલાક વર્ષોથી 'ઓનલાઈન' શોપીંગની બોલબાલા ખૂબ વધી છે પરંતુ તેમાં અનેકવિધ ફ્રોડ કે છેતરપિંડીના કિસ્સા પણ પ્રકાશમાં આવ્યાં છે. ઓનલાઈન ખરીદીમાં છાશવારે ગ્રાહકો સાથે છેતરામણી કરવાના કિસ્સા છાપે ચઢતાં હોવાથી સામાન્ય મધ્યમવર્ગ ચિંતિત બન્યો છે અને 'ઓનલાઈન' ખરીદીથી વિમુખ થઈ રહ્યો છે. જો કે આ કારણે શહેરના દુકાન-શૉરૂમ ધારક વેપારીઓને ફરી ઘરાકી મળવા લાગતા તેમના માટે આ કિસ્સા વેપાર વધારનારા સાબિત થઈ રહ્યા છે.




પાણી પુરવઠાના વિતરણ માટે અનેક યોજનાઓ બનાવાઈ હોવા છતાં પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ મળતો નથી. ઉનાળામાં ધીમા ફોર્સથી પાણી મળે તે તો સમજી શકાય પરંતુ સારા ચોમાસા બાદ પણ પાણીના ઘટતા ફોર્સની સમસ્યા યથાવત રહી છે. દિવાળીના દિવસોમાં જ ઘરની સાફસફાઈ કરવાની હોય ત્યારે પાણીનો ફોર્સ ઘટાડી દેવાતા ગૃહિણીઓ પરેશાન થઈ રહી છે.

## ૧૩ વર્ષથી નાસતો ફરતો આરોપી એલસીબી-૨ એ ઝડપી પાડ્યો

ગાંધીનગર,તા.૧૭

દહેગામ પોલીસ મથકમાં નોંધાયેલા ધાડ વિથ મર્ડરના ગુનામાં છેલ્લા ૧૩ વર્ષથી નાસતો ફરતો આરોપીને ગાંધીનગર એલસીબી પોલીસે દબોચી લીધો છે. ગાંધીનગર, મહેસાણા, આણંદ, પાટણ, સહિતમાં ચોરી, ધાડ, લુંટ સહિતના અનેક ગુનામાં સામેલ આરોપી ગાંધીનગરમાં લગ્નમાં હાજરી આપવા માટે આવી રહ્યો હતો તે સમયે એલસીબી-૨ એ તેને પકડી પાડ્યો હતો.

ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાની નાસતા ફરતા આરોપીને પકડી પાડવાની પરિણામલક્ષી કામગીરીની સુચનાને પગલે એલસીબી-૨ ના ઈન્ચાર્જ પીઆઈ વાય.જે.રાઠોડની ટીમ સક્રિય બની ગઈ હતી. ત્યારે બાતમી મળી હતી કે દેહગામ, પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૦૬માં નોંધાયેલ ધાડ વીથ મર્ડરનો કેસનો આરોપી ગાંધીનગર ચરેડી છાપરા ખાતે લગ્નમાં આવ્યો હતો. જેને પગલે એલસીબી -૨ એ વોચ ગોઠવી ૧૩ વર્ષથી નાસતો ફરતો આરોપી હબીબ ઉર્ફે દલકા કાસમભાઈ સિંધી (મિયાણા રહે. ઉમરાપુર પાટી સાંતલપુર પાટણ) (હાલ રહે. વાડીલાલ હોસ્પિટલની પાછળ)ને પકડી પાડ્યો હતો. આરોપીએ અગાઉ મહેસાણા, જિલ્લાના બેચરાજી, તેમજ આણંદ જિલ્લામાં, પાટણ જિલ્લાના સમી, અને ચાણસ્મા ખાતે ચોરી અને લુંટ ધાડના ગુનાઓ આચરેલા હોવાનું સામે આવ્યું હતું. હાલમા આરોપી સામે મહેસાણા જિલ્લાની બેચરાજી તેમજ ચાણસ્મા કોર્ટમાં જુદા જુદા દસ પકડ વોરંટ પેન્ડીંગ છે. જેને પગલે એલસીબી દ્વારા તે અંગે ની જાણ કરવાની તેમજ આરોપીને આગળની તપાસ માટે દહેગામ પોલીસને સોંપવાની કામગીરી શરુ કરવામાં આવી છે.

## રવિવારે ગાંધી મિત્રવર્તુળની સાધારણ સભા

ગાંધીનગર, તા.૧૭

ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગરની ખાસ સાધારણ સભા તા. ૨૦મી ઓકટોબરના રવિવારે સવારે સાડા નવ વાગે સંસ્થાના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીના અધ્યક્ષસ્થાને ૬૨૮ વાસ્તુનિર્માણ સોસાયટી સે-૨૨ ખાતે અમૃતભાઈ ત્રિવેદીના નિવાસસ્થાને રાખવામાં આવેલ છે. તો આજીવન સભ્યશ્રીઓ તથા રસ ધરાવતા ગાંધીજનોને ઉપસ્થિત રહેવા મંત્રી રમણલાલ શ્રીમાળીએ જણાવેલ છે.

## સરઢવ ગામે આધેડ વયના નાગરીકે આપઘાત કરી જીવન ટુંકાવ્યુ

ગાંધીનગર,તા.૧૭

ગાંધીનગર તાલુકાના સરઢવ ગામે આધેડ વયના નાગરીકે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા હાહાકાર મચી જવા પામ્યો છે. અમદાવાદના ઘાટલોડીયામાં રહેતા ૪૨ વર્ષિય વાસુદેવ કાનજીભાઈ પટેલ પોતાના ગામ સરઢવ ખાતે પોતાના ઘરે દોરડાથી ગળેફાસો ખાઈ લીધો હતો. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે તપાસના ચકો ગતિમાન કર્યા છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ તેઓ ગત બુધવારના રોજ સાંજના સુમારે સરઢવ ગામે એકલા આવી ગયા હતા અને શુક્રવારે સવારે ૮ વાગ્યે તેમનો મૃતદેહ પંખે લટકતો મળી આવ્યો હતો. જેની જાણ ગ્રામજનોને થતા તેમણે પરિવાર અને પોલીસને જાણ કરી હતી. પોલીસ ઘટના સ્થળે પહોંચીને મૃતદેહનું પીએમ કરાવી એફએસએલની મદદથી તપાસ હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક વાસુદેવભાઈને છેલ્લા એક વર્ષથી મગજમાં હેમરેજ અને કિડનીમાં તકલીફ થઈ હતી. જેને પગલે તેઓ ચિંતામાં રહેતા હતા, તેઓ સચિવાલયમાં આરોગ્ય વિભાગમાં રોજમદાર તરીકે ડ્રાઈવીંગ કરતા હતા. તેમના લગ્ન થઈ ગયા છે પરંતુ તેઓને સંતાન ન હતા. પેથાપુર પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી વધુ તપાસ હે.કો. સફીક અહેમદ ચલાવી રહ્યા છે.

## ચિલોડાના ઈલાઈટ કોમ્પ્લેક્ષ પાસેથી બાઈક ચોરાયું

ગાંધીનગર શહેર નજીક આવેલા ડભોડા ગામના પેટા પરા બુટાકીયાના એક યુવકને દિવાળીના કપડાની ખરીદી મોંઘી પડી છે. જેમાં ખેતી કામ કરતા ૨૮ વર્ષિય નરેશજી બાલાજી સોલંકીને ૧૫ દિવસ પહેલા સાંજે પાંચ વાગે પોતાના બાઈક નંબર. જી.જે.૧૮.સી.એચ.-૯૧૧૫ લઈને ચિલોડા કપડા ખરીદી માટે ગયો હતો. પ્રમુખ ઈલાઈટ કોમ્પ્લેક્ષમાં કપડા ખરીદી માટે જતા સમયે તેણે એસબીઆઈ બેંક પાસે જાહેર પાર્કીંગમાં પોતાનું બાઈક મુકીને ગયો હતો. આઠ વાગ્યાના અરસામાં તે ખરીદી કરીને પરત ફર્યો હતો,ત્યારે બાઈક ગુમ હતું. જેને પગલે તેણે આસપાસ તપાસ કરતા બાઈક મળી આવ્યું ન હતું. તેણે થોડા દિવસ પોતાની રીતે શોધખોળ કરી અને રાહ જોયા બાદ આખરે ચિલોડા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી. પોલીસે રૂ.૨૦ હજારની કિંમતના બાઈકની ચોરી અંગે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

તાજેતરમાં આલ્પ્સ ફાઉન્ડેશન દ્વારા ગાંધી જયંતિ નિમિત્તે ૩૩ બાળકો દ્વારા ફંડ રેઝીંગનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં અમદાવાદના મેયર બીજલબેન પટેલ તથા સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન અમુલ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં અંશ અંકિત પટેલ સહિતના જે ૩૩ બાળકોએ સમાજ માટે ભગીરથ કાર્ય હાથ ધર્યું હતું તે માટે ચોતરફથી તેમને પ્રસંશા પ્રાપ્ત થવા પામી હતી.

## ખોરજ ગામને પ્લાસ્ટિક મુક્ત બનાવવા માટે ઘરે ઘરે કપડાની થેલીનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૧૭

ખોરજ ગ્રામ પંચાયત દ્વારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે પ્લાસ્ટિક મુક્ત અને સીસીટીવી યુક્ત ખોરજ ગામ બનાવવાના ઉમદા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગામમાં પ્લાસ્ટિક મુક્ત બનાવવા માટે ઘર દીઠ કપડાની થેલીનું વિતરણ કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત તાલુકાના તમામ ગામના સરપંચોને સ્વચ્છ ખોરજનું ટી શર્ટ આપવામાં આવ્યું હતું. મહાશ્રમદાન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે નૈનેશ આર. પટેલ દ્વારા નવનિર્મિત પુસ્તકાલય તથા જીમના મકાનનું ઉદ્ઘાટન ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોર, ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારી જી.એ. ધાધંલીયા તથા નિવૃત્ત આઈ.પી.એસ. ડી.જી. વણઝારાના હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતના ઉપસ્થિત ચૂંટાયેલા સદસ્યો તથા કર્મચારીઓને કાપડની થેલીનું પ્રેરક પ્રતિક તરીકે વિતરણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના આરંભે ખોરજ ગામના સરપંચ ભાવનાબેન પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલના માર્ગદર્શન હેઠળ તાલુકા પંચાયત, ગાંધીનગર અને ખોરજ ગ્રામ પંચાયતના કર્મયોગીઓ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ શોભનાબેન વાઘેલા, તાલુકાના વિવિધ ગામના સરપંચો, તલાટી કમ મંત્રી કે.આર. પટેલ, ખોરજ ગામના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# હવે ધોરણ-૧૦ બોર્ડ પરીક્ષા ૨૦૨૦થી નવી જ ફોર્મેટમાં

### ૨૦૧૯-૨૦ શૈક્ષણિક વર્ષથી વિદ્યાર્થી એનસીઈઆરટી મુજબ અભ્યાસક્રમ સાથે ભણશે : ૨૦ માર્ક સ્કુલો આપશે

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડદ્વારા વર્ષ ૨૦૨૦માં ધોરણ ૧૦ની પરીક્ષા માટે ઉપસ્થિત રહેનાર વિદ્યાર્થીઓ નવી ફોર્મેટમાં પરીક્ષા લેવાની તૈયારી કરી લીધી છે જેના ભાગરુપે નવી ફોર્મેટમાં પરીક્ષા થશે. શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી વિદ્યાર્થીઓને એનસીઈઆરટી મુજબ અભ્યાસક્રમ ચાલશે. સાથે સાથે પ્રશ્નપત્ર ૮૦ માર્કના રહેશે અને બાકીના ૨૦ માર્ક સંબંધિત સ્કુલોદ્વારા આંતરિક મુલ્યાંકનના આધાર પર આપવામાં આવશે. સ્કુલના શિક્ષકો અને પ્રિન્સિપલને મોકલવામાં આવેલા પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે કે, ઓપ્ટિકલ માર્ક અથવા તો ઓએમઆર ઉપર આધારિત કોઈ પ્રશ્ન રહેશે નહીં. બદલામાં તમામ પ્રશ્નોના જવાબ સંબંધિતરીતે અને નિયમ મુજબ આપવાના રહેશે. સ્કુલોના આચાર્યોને આ સંદર્ભમાં માહિતી આપી દઈને આ સંદર્ભમાં તૈયારી કરવા કહેવામાં આવ્યું છે. પરીક્ષાની પદ્ધતિમાં કરાયેલા ફેરફાર અંગે માહિતી આપવા પણ કહી દેવામાં આવ્યું છે. આમા જણાવવામાં આવ્યું છે કે, વર્ષ રિપીટ કરનાર વિદ્યાર્થીઓ જુના અભ્યાસક્રમ મુજબ પરીક્ષા આપશે પરંતુ તેમને નવી પરીક્ષા પદ્ધતિ પાળવી પડશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડદ્વારા આની તૈયારી કરી લેવામાં આવી છે. બોર્ડદ્વારા લેવામાં આવતી ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષામાં ઉપસ્થિત રહેનાર વિદ્યાર્થીઓને કહી દેવામાં આવ્યું છે. બીજી બાજુ બોર્ડે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે પણ પરીક્ષા પદ્ધતિ બદલી દીધી છે. વિદ્યાર્થીઓના વાલીઓ તરફથી શિક્ષણ વિભાગને મળીને રજૂઆત કરવામાં આવ્યા બાદ હવે ઓએમઆર અને બોર્ડ પરીક્ષામાં એમસીક્યુને ચાલુ રાખવાની વિરુદ્ધમાં નિર્ણય કર્યો છે.

## વિધાનસભા પેટા ચૂંટણી ૨૦૧૯ માટે કન્ટ્રોલ રૂમ શરૂ કરાશે

ગાંધીનગર, તા. ૧૭

ભારતના ચૂંટણી પંચ નવી દિલ્હી દ્વારા ગુજરાતની વિધાનસભાની કુલ-૬ બેઠકો માટે યોજાનાર પેટા ચૂંટણી અંગે તા. ૨૩-૯-૨૦૧૯ના રોજના જાહેરનામાથી વિગતવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. આથી ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હી દ્વારા આપવામાં આવેલ સૂચના અન્વયે તા. ૨૪-૧૦-૨૦૧૯ સુધી વિધાનસભાની પેટાચૂંટણી લક્ષી ફરિયાદો બાબતે મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, બ્લોક નં. ૭, ૨ જો માળ, સરદારભવન, સચિવાલય, ગાંધીનગર ખાતે એક રાજ્યકક્ષાનો કન્ટ્રોલરૂમ શરૂ કરવામાં આવેલ છે. આ કન્ટ્રોલરૂમનો ફોન નં. ૦૭૯-૨૩૨-૫૭૪૯૪ અને ફેક્સ નંબર - ૦૭૯-૨૩૨-૫૭૦૯૦ છે. આ કન્ટ્રોલરૂમ વિધાનસભાની પેટા ચૂંટણી સંબંધી ફરિયાદો જ સ્વીકારશે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## ચાણકયપુરીમાં સિલિન્ડરથી ગેસ ચોરીનું કૌભાંડ પકડાયુ

શહેરના ચાણક્યપુરી વિસ્તારમાં આવેલ હરસિધ્ધિ ગેસ એજન્સીના માલિક અને તેમના ડિલિવરી બોય દ્વારા ગેસના સિલિન્ડરમાંથી મોટા પાયે ગેસની ચોરી કરવાના ચાલતા કૌભાંડનો પોલીસે પર્દાફાશ કરતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. પોલીસે આ સમગ્ર કૌભાંડમાં ચાર આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

જાહેર નિવિદા
કોમ્પ્યુટર રીપેરીંગ કરવા અંગેનો વાર્ષિક કોન્ટ્રાક્ટ આપવા બાબત
શ્રમ આયુક્તશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય
બ્લોક નં. ૧૧,૧૨,૧૪ બીજો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
ફોન નં. ૦૭૯-૨૩૨૫૫૯૯૭, ૨૩૨૫૭૫૦૦, ૨૩૨૫૭૫૦૩
કચેરીના કાર્યરત કોમ્પ્યુટર રીપેરીંગ કરવા માટેની વાર્ષિક જાળવણીની કામગીરીમાં રસ ધરાવતી સ્થાનિક સંસ્થાઓ પાસેથી ભાવ મંગાવવામાં આવે છે, જે ટેન્ડર ફોર્મ તા. ૨૧/૧૦/૨૦૧૯થી ૨૫/૧૦/૨૦૧૯ સુધીમાં કચેરી સમય દરમિયાન રૂ. ૧૦૦/- રોકડા ભરી મેળવી આજ તારીખોમાં સીલબંધ કવરમાં રજૂ કરવાના રહેશે.
સહી/-
નાયબ શ્રમ આયુક્ત
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
માહિતી/૧૩૨૫/૧૯-૨૦